
# ગુજરાત વિધાનસભામાં ઐતિહાસિક 'યુવા' સત્ર

**૩૦ પ્રશ્નો સાથે પ્રશ્નોત્તરીકાળ અને બે સત્રમાં કાર્યવાહી : દેશભરમાં પ્રથમ નવતર પ્રયોગ : આજની યુવા વિધાનસભામાં ગાંધીનગર જિલ્લાનો પ્રશ્ન હતો : દહેગામમાં વનીકરણ**

ગાંધીનગર, તા. ૨૧

આજે બરાબર ૧૦ વાગ્યે યુવા વિધાનસભા સત્ર શરૂ થયું હતું. પ્રશ્નોત્તરીનો સમય ઉર્જાજીત જરૂર હતો કારણ કે યુવાઓ તેમના





પ્રશ્નો રજૂ કરવા ઉભા થયા ત્યારે જોવા મળતી હતી. આજની આ પ્રશ્નોત્તરીમાં જવાબો આપવામાં મુખ્યમંત્રી રોહન રાવલ, રાજ્યમંત્રી મેઘાવી દવે, કૃષિમંત્રી હર્ષ સાંઘાણી, સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી પ્રિન્સથી પ્રભાવિત રહ્યા હતા. આ મોક યુવા વિધાનસભાનો પ્રારંભ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દિપ પ્રાગટ્યથી શરૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં સત્તાપક્ષ અને વિપક્ષના વર્તમાન મંત્રીઓ અને ધારાસભ્યો પણ ઉત્સાહથી જોડાયા હતા. ગણેશ વાસુદેવ માવલંકર સંસદીય અભ્યાસ તાલીમ બ્યુરો અને કુલ પોસ્ટ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિધાનસભામાં બેઠેલા વિદ્યાર્થીઓને નિખાલસ અને હળવા રમુજ સાથે ઉદ્‌બોધન કરતા કહ્યું હતું કે તમે બધા આનંદમાં છો ને ? વિધાનસભામાં બેઠેલા યુવા ધારાસભ્યોએ મુખ્યમંત્રીના આ નિવેદનને પાટલી થપથપાવીને જવાબ આપ્યો હતો. તો બીજી તરફ ભૂપેન્દ્રભાઈ પટેલે યુવાનોને કહ્યુ કે જીવનમાં અલગ અલગ ભૂમિકાઓ અને રોલ પ્લે કરવાના હોય છે જે પૈકી આજે રાજકારણનો આ રોલ પણ આવનાર સમયમાં અત્યંત મહત્વનો બની રહેશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ડૉ. નિમાબેન આચાર્યએ પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યું કે યુવા મોડેલ એસેમ્બલીના આયોજનનો હેતુ વિદ્યાર્થીઓ સામાન્ય માણસના દૃષ્ટિકોણને સમજે અને બજેટ તેમજ કાયદા બનાવવાની પ્રક્રિયા તથા વિકાસ કામો કરવાની પ્રક્રિયાથી વાકેફ કરવાનો છે. લોકતંત્રને વધુ મજબૂત કરવા માટે સંસદીય કાર્ય પ્રણાલીને સમજવી જરૂરી છે. ભવિષ્યમાં સુશાસન પૂરૂ પાડે તેવા યુવાઓ દેશને મળે તે માટે યુવા મોડેલ એસેમ્બલી જેવા કાર્યક્રમો યોજી વિદ્યાર્થીઓને રાજકીય ક્ષેત્રથી પ્રશિક્ષિત કરી શકાય છે. અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીમાંથી તમામ યુવાનોએ પ્રેરણા લેવી જોઈએ અને પોતાની શક્તિઓને ઓળખી દૃઢ નિર્ધાર સાથે પોતાનું લક્ષ્ય નક્કી કરી અથાગ પુરૂષાર્થ કરવા અપીલ કરી હતી અને સત્યમેવ જયતેના સૂત્રને ક્યારેય નહી ભૂલવા પણ હળવી ટકોર કરી હતી. આ ઉપરાંત યુવાનોને સલાહ આપી હતી અને કહ્યું હતું કે આ વિધાનસભા ગૃહમા ગમે તે મોટી વ્યક્તિને પણ પ્રવેશ મળતો નથી અહીંયા પ્રવેશ કરવો એ સહેલી બાબત નથી ત્યારે ગૃહમાં પ્રવેશ કરવો હોય તો પ્રજાના મત મેળવવા જ પડે અને ત્યારબાદ જ જન પ્રતિનિધિ તરીકે તમને ગૃહમાં પ્રવેશ મળે છે. ત્યારે આજે યોજાયેલા આ મોક યુવાન વિધાનસભામાં તમને જે તક મળી છે તેનો ગૌરવ અનુભવજો અને લોકશાહીના મંદિરની ગરિમા જાળવી રાષ્ટ્રભાવના જગાડવા અપીલ કરી હતી. જુદા જુદા વિભાગોની યોજનાઓ સંદર્ભે જાણકારી આપતા પ્રશ્નો આ યુવા વિધાનસભામાં પૂછાયા હતા. જેમાં ગાંધીનગર જિલ્લાની ઓછી હરિયાળીના આડકતરા ઉલ્લેખ સાથે દહેગામ તાલુકામાં સામાજિક વનીકરણનો પ્રશ્ન પૂછાયો હતો. સ્ટેચ્યુ ઓફ યુનિટીના આકર્ષણોનો પ્રશ્ન, સમરસ પંચાયત યોજના, ખેલ મહાકુંભને લગતા પ્રશ્નો પૂછાયા હતા. પ્રશ્નોત્તરીમાં ત્રીસ જેટલા પ્રશ્નો રાખવામાં આવ્યા હતા. પ્રશ્નોત્તરી બાદ બજેટ પરની ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠા ભરવાડ, વિરોધ પક્ષના નેતા સુખરામ રાઠવા, ગૃહમંત્રી હર્ષ સંઘવી, દંડક પંકજભાઈ દેસાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૪૦ ટકાથી વધુ યુવા મહિલા ધારાસભ્ય

આ યુવા વિધાનસભામાં ૪૦ ટકાથી પણ વધુ યુવા મહિલાઓ ધારાસભ્ય તરીકે ફરજ નિભાવી હતી. જેઓ ટ્રેડિશનલ લૂકમાં જોવા મળ્યા હતા. દરેક યુવા મહિલા ધારાસભ્ય સાડીમાં સજ્જ થઈને ઉપસ્થિત રહ્યા હતા અને આ એક દિવસીય યુવા વિધાનસભામાં દરેક યુવા ધારાસભ્યોએ સફળતાપૂર્વક ફરજ બજાવી હતી.

આ યુવા વિધાનસભામાં મુખ્યમંત્રીએ આરોગ્ય વિભાગનો હવાલો પોતાના હસ્તક રાખ્યો હતો અને ધન્વંતરી રથ વિશે વાતો કરી હતી તથા રાજ્યના વાહન વ્યવહાર મંત્રીએ આવી રહેલા ઈ-વાહનોને લઈ કેટલીક મહત્વની બાબતો પર ચર્ચા કરી હતી જેમાં વાહનોને મળતી સબસીડીથી લઈ દરેક મુદ્દા પર ચર્ચા થઈ હતી.



યુવા વિધાનસભા નિહાળવા માટે રાજ્ય પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, રાજેન્દ્રભાઈ ત્રિવેદી, અધ્યક્ષા નીમાબેન આચાર્ય, રાજ્યમંત્રી હર્ષ સંઘવી, વિનોદ મોરડીયા. બ્રિજેશ મેરજા, પંકજભાઈ દેસાઈ, પૂર્વમંત્રી કૌશિક પટેલ, દિલીપ સંઘાણી વિધાનસભાની અતિથિ વિશેષ પ્રેક્ષક દીર્ધામાં જઈને બેઠા હતા.

## મોક વિધાનસભા અગાઉ પણ થઈ હતી

ગુજરાત વિધાનસભાના તત્કાલીન અધ્યક્ષ પ્રો. મંગળદાસ પટેલની ઉપસ્થિતિમાં એક-બે કોલેજો પુરતી સીમીત મોક વિધાનસભાના આયોજનો ગણેશ વાસુદેવ માવલંકર સંસદીય બ્યુરો દ્વારા થયા હતા.

# હોટેલ "ધ લીલા - ગાંધીનગર" ખાતે પાંચ કિ.મી. દોડ યોજાઈ

**કોર્પોરેટ બિરાદરીમાં વેલનેસ અને ફીટનેસ અંગે જાગૃતિ ઉભી કરવા દોડનું આયોજન કરાયું હતું**




ગાંધીનગર, તા.૨૧

કોરોના મહામારી બાદ નાગરિકોમાં આરોગ્ય જાળવણી બાબતે સભાનતા વધી રહી છે. કોર્પોરેટ બિરાદરીમાં વેલનેસ અને ફીટનેસ અંગે જાગૃતિ ઉભી કરવા પાટનગરમાં રવિવારે હોટેલ ધ લીલા ગાંધીનગરે પાંચ કી.મી.ની દોડનું આયોજન કરીને રવિવારે તેમનામાં ઉર્જા અને ઉત્સાહ ભરવાનું કાર્ય કર્યુ હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ધ લીલાના મેનુના પ્રચાર તથા સિગ્નેચર વેલનેસ પ્રોગ્રામ ઔજસ્ય બાય લીલા હેઠળ તાજેતરમાં રજૂ કરાયેલા મેનુ મારફતે સમગ્રલક્ષી વેલનેસ પ્રોગ્રામને માર્ગે આગળ ધપાવવાનો ઉદ્દેશને અનુલક્ષીને કરવામાં આવ્યું હતું.

દોડમાં ભાગ લેનાર તમામ પાર્ટીસિપેન્ટસને એક્ઝિક્યુટીવ શેફ આશિષ રાઉત અને શેફ અભિષેક રોય તથા તેમની બાકીની ટીમે તૈયાર કરેલ સ્વાદિષ્ટ મેનુ પિરસવામાં આવ્યું હતું. ધ લીલા ગાંધીનગર દ્વારા યોજવામાં આવેલ સૌ પ્રથમ પાંચ કી.મી.ની દોડને ઉત્સાહજનક પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો અને આ કાર્યક્રમમાં ટીસીએસ, એપોલો હોસ્પિટલ વગેરે ખાનગી ક્ષેત્રની કંપનીઓના પ્રતિનિધિઓ દોડમાં સામેલ થયા હતા. આ દોડને ધ લીલા ગાંધીનગરના સંકુલમાંથી વાઈસ પ્રેસિડેન્ટ અને જનરલ મેનેજર જયદીપ આનંદે લીલીઝંડી આપી હતી.

# વાવોલમાં જોગણી માતાના મંદિર પાસે વડીલોનું વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં વાવોલ વિસ્તારમાં શાંતિવન સોસાયટી પાસેના જોગણીમાતાના મંદિર પાસે આજે વડીલો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પીપળાના વૃક્ષોના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું જેમાં વાવોલ વિસ્તારની વિવિધ સોસાયટીઓમાં વડીલોએ મોટીસંખ્યામાં શ્રમદાનની સેવા આપી હતી

# તારાપુર પ્રા. શાળા સાયન્સ સિટીમાં જ્ઞાન-વિજ્ઞાનથી તરબોળ




ગાંધીનગર, તા. ૨૧

તારાપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાયન્સ સિટીના શૈક્ષણિક પ્રવાસે ગયા હતા. રાષ્ટ્રય ચંદ્ર દિવસ નિમિત્તે તારાપુર અને સરગાસણની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સાયન્સસિટીના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ શૈક્ષણિક પ્રવાસમાં વિદ્યાર્થીઓની સાથે ૫ શિક્ષકો જોડાયા હતા અને ૩ મેનેજમેન્ટ કમિટીના સભ્યો પણ જોડાયા હતા. સાયન્સસિટીમાં વિદ્યાર્થીઓએ વિવિધ જ્ઞાન-વિજ્ઞાનની માહિતીઓ મેળવી હતી. વિવિધ પ્રદર્શન અને ફિલ્મ નિહાળીને વિદ્યાર્થીઓ ખૂબ પ્રભાવિત થયા હતા. સાયન્સસિટી ખાતે બાળકોને જાણવા જેવું ઘણુ બધું છે. કહેવાય કે વિજ્ઞાનની માહિતીનું ભંડાર અહીંયા મોજુદ છે. ત્યારે તારાપુર પ્રા. શાળાના બાળકો સાયન્સસિટીની મુલાકાતથી જ્ઞાન-વિજ્ઞાનથી તરબોળ થયા હતા.

# ગાંધીનગર ગિફ્ટ સિટી દ્વારા ૨૧થી ૨૪ જુલાઈ સુધી 'હેરિટેજ, આર્ટ એન્ડ ફૂડ ફેસ્ટિવલ'નું આયોજન

**ગૃહ મંત્રી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં પાટનગર ગાંધીનગરમાં ચાર દિવસીય હેરિટેજ, આર્ટ એન્ડ ફૂડ ફેસ્ટિવલ યોજાશે**

ગાંધીનગર, ૨૧

પાટનગર ગાંધીનગર ચાર દિવસીય ભવ્ય હેરિટેજ, આર્ટ એન્ડ ફૂડ ફેસ્ટિવલનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. ગાંધીનગર ખાતે યોજાઈ રહેલા આ ભવ્ય હેરિટેજ, આર્ટ એન્ડ ફૂડ ફેસ્ટિવલનું આયોજન ગ્રાન્ડ મર્ક્યોર ગાંધીનગર ગિફ્ટ સિટી દ્વારા કરવામાં આવી રહ્યું છે, જે ૨૧ જુલાઈથી ૨૪ જુલાઈ સુધી યોજાશે. રાજ્યના માનનીય ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ગુજરાત ટુરિઝમના એડમિન અને કોમર્શિયલના જનરલ મેનેજર શ્રીમતી તૃપ્તિ વ્યાસ હેરિટેજ, આર્ટ એન્ડ ફૂડ ફેસ્ટિવલમાં મુખ્ય મહેમાન તરીકે તેમજ ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે આવેલી હોટેલ ગ્રાન્ડ મર્ક્યોરના જનરલ મેનેજર રાહુલ પંવાર અને ગિફ્ટ સિટી ગાંધીનગરના ડિરેક્ટર ઑફ સેલ્સ સંજય મુરારી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ તમામ મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિમાં આ ચાર દિવસીય ફેસ્ટિવલને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. હોટેલ ગ્રાન્ડ મર્ક્યોરના જનરલ મેનેજર રાહુલ પંવાર અને ગિફ્ટ સિટી ગાંધીનગરના ડિરેક્ટર



ઑફ સેલ્સ સંજય મુરારી ગાંધીનગર હેરિટેજ, આર્ટ એન્ડ ફૂડ ફેસ્ટિવલ વિશે માહિતી આપતા જણાવ્યું હતુ કે ગાંધીનગર હેરિટેજ, આર્ટ એન્ડ ફૂડ ફેસ્ટવિલ પોતાના નામ પ્રમાણે પોતાની સાથે રાજ્યની કળા, સંસ્કૃતિ, વારસા અને પાકકળાને રજૂ કરશે, જે તેના મુલાકાતીઓ માટે અવિસ્મરણીય બની રહેશે. ગાંધીનગર હેરિટેજ, આર્ટ એન્ડ ફૂડ ફેસ્ટવિલ ખાતે મુલાકાતીઓ ચાર દિવસ દરમિયાન ફૂડ ફેસ્ટિવલ, હેન્ડલૂમ, હેન્ડિક્રાફ્ટ, હેરિટેજ એક્ઝિબિશન, કૂકિંગ વર્કશોપ, સ્પર્ધાઓ અને હેરિટેજ વૉક સહિત અનેક આનંદદાયક કાર્યક્રમોના સાક્ષી બનશે. આ પ્રસંગે ઉપસ્થિત શૉના આયોજક અનીલ મુલચંદાની દ્વારા જણાવામાં આવ્યું હતું કે, આ શૉનું આયોજન મુખ્ય આર્ટ અને કલ્ચરને પ્રમોટ કરવા હેતુ કરવામાં આવ્યું છે જેથી દરેક આર્ટીઝન્સને એક પ્લેટફોર્મ મળી રહે. ફેસ્ટિવલ ખાતે ક્રાફ્ટ અને હેરિટેજ ડિસ્પ્લેની સાથે મુલાકાતીઓ ભોજન અને કળાના સંપૂર્ણ મિશ્રણનો આનંદ ઉઠાવી શકશે. જ્યાં મુલાકાતીઓ હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટમાં પોતાની મનપસંદ કળા સાથે મેળ ખાતી વસ્તુઓની શોધને પૂર્ણ કરી શકે છે, તો આર્ટ એન્ડ ક્રાફ્ટ વર્કશોપમાં જોડાઈ પોતાનામાં રહેલી કળાને નવી ઓળખ આપી શકે છે. અહીં ફેસ્ટિવલ ખાતે સમગ્ર રાજ્યની વાનગીઓનો સ્વાદ માણવા મળશે, તો સાથે સાથે ગૃહિણીઓ કૂકિંગ વર્કશોપમાં પોતાની નવીન રસોઈને બનાવતા શીખી પોતાની પાકકળાની પારંગતતાની યાદીમાં કેટલીક કેટલીક વાનગીઓનો ઉમેરો કરી શકે છે. આ ઉપરાંત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ મુલાકાતીઓ પોતાને શ્રેષ્ઠ સાબિત કરી શકે છે.

# બીબીએ કૉલેજ દ્વારા અદાણી ગ્રૂપ સંચાલિત મુન્દ્રા બંદરની બે દિવસીય આદ્યોગીક મુલાકાત

ગાંધીનગર, તા. ૨૧

બી.પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) કૉલેજનાં વિદ્યાર્થીઓની સાતત્યપૂર્ણ દરેક સેમેસ્ટરમાં ઇંડસ્ટ્રિયલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યુ હતું. બીબીએનાં ૭૬ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔધોગીક ક્ષેત્રની મુલાકાત લેવામાં આવી હતી જેમા ૧૩૭ સ્કવેર કિલોમીટર SEZ તેમજ ૯ સ્ક્વેર કિલોમીટર વેસ્ટ પોર્ટની મુલાકાત લીધી હતી, જેમા વિદ્યુત પ્લાન્ટ, ઓઈલ રીફાઈનરી પ્લાન્ટ તેમજ મુખ્ય પોર્ટનો સમાવેશ થાય છે. બ્રિજરાજસિંહ ઝાલા વિદ્યાર્થીઓની સાથે રહી અદાણી પોર્ટના વિવિધ કાર્યો, પોર્ટનું ભારત દેશના વિકાસમા મહત્વ, તેમજ પોર્ટનું સચાલન અને વહીવટ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને પોર્ટની મુલાકાત દરમિયાન ઊંડાણપૂર્વક સમજ આપી હતી. પ્રથમ દિવસે અદાણી પોર્ટ & SEZની મુલાકાત લીધી હતી ત્યારબાદ વિદ્યાર્થીઓ અદાણી વિલમાર કંપની દ્વારા અંહી અલગ અલગ સન ફ્લાવર, ગ્રાઉંડ નટ ઓઈલ તેમજ સૉયાબીન ઓઈલ, વનસ્પતી ઘી નું રીફાઈન થાય છે. કાચો માલ ક્યાથી આવે છે તેમજ તમામ પ્રોસેસ બાબતે સંપૂર્ણ માહિતિ આપવામાં આવી હતી ખાધ્ય તેલની સંપૂર્ણ પ્રોસેસ વિદ્યાર્થીઓને ખૂબ સુંદર રીતે સમજાવવામાં આવ્યુ હતુ. શાંતિનાથ મહાદેવનાં દર્શનનો મોકો વિદ્યાર્થીઓને મળ્યો હતો. શાંતિ વિહારમાં ચંદ્રકાંત પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને રાત્રે ભોજન બાદ સાંસ્કૃતીક કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થા કરી આપી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. રાત્રી રોકાણ દરમ્યાન કોલેજના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતીક કાર્યક્રમ કર્યો હતો જેમાં કોલેજ અધ્યાપકો તેમજ અદાણી ગ્રુપના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. સાંસ્કૃતીક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ, સિંગિંગ,વકતૃત્વ કળાને પ્રદર્શિત કરવામાં આવી હતી.બીબીએનાં વિદ્યાર્થીઓ દ્વારા બીજા કલ્ચરલ પર્ફોર્મેન્સ જેવા કે સ્કીટ, સંગીત વાદન, નૃત્ય અને ગરબા ભજવવામાં આવ્યા હતા. ત્યારબાદ બીજા દિવસે સવારે ચંદ્રકાંત પંડ્યા દ્વારા યોગ, હવા, પાણી, ખોરાક તેમજ લાફિંગનાં ફાયદા સમજાવ્યા હતા. જે દરેક વ્યકિત માટે ખૂબ ઉપયોગી નીવડશે તેમ વિદ્યાર્થીઓએ જણાવ્યુ હતુ. ઔધોગિક મુલાકાતનાં બીજા દિવસે અદાણી વેસ્ટ પોર્ટ તેમજ અદાણી પાવર લિમિટેડ કે જે ભારતનો પ્રાઈવેટ ઑનર બેઈઝ પ્રથમ અને ઍશિયાનો બીજા ક્રમે આવતો પાવર પ્લાન્ટ છે કે જે ૪૬૨૦ મેગા વોટ પાવર પ્રોડક્શનનીં ક્ષમતા ધરાવે છે તેની મુલાકાત લીધી હતી, વિદ્યુત ઉત્પાદનના બબ્બે પ્રકાર તેમજ તેના તમામ તબક્કાઓ બાબતે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યુ હતુ.




શહેરની મનો દિવ્યાંગ બાળકો માટેની સંસ્થા 'વિશેષ'ની મુલાકાત શહેરના મેયર હિતેશ મકવાણાએ લીધી હતી. મેયરની મુલાકાત દરમિયાન સંસ્થાના આચાર્ય ચિરાગ ઉપાધ્યાય, નિયામક દિપાલી ઉપાધ્યાય અને ચેરમેન અનુપભાઈ પરીખ હાજર રહયા હતા. સંસ્થાના સુત્રધારોએ સંસ્થાનો પરિચય, કામગીરી અને પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. મેયરશ્રી હિતેશ મકવાણાએ સંસ્થાના બાળકો સાથે ભાવપૂર્વક વાતો કરી હતી અને સંસ્થાની દરેક પ્રવૃતિમાં સહયોગની ખાતરી આપી હતી.